# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




કોઇ કૌભાંડના, કોઇ લબાડીમાં સરદાર છે,
કોઇ કાવાદાવા કોઇ કબાડીમાં સરદાર છે,
સરદાર કે પૂંછ પટપટ કરનારાઓના -
કોઇ મોટે, કોઇ છોટે કોઇ ખોટે સરદાર છે
(સરદારો ની જમાત)

હાઈકુ

નહીં આવડે -
ત્યાં સુધી તો રહેશે -
ખાયકી બંધ..!!
(નવા નિશાળિયાઓ..)

કાળા ચહેરા,
ખાયકી મંડળમાં -
નવી ભરતી..
(સખડ-ડખળ)

## ચિંતન

**અમંત્રક્ષરં નાસ્તિ, નાસ્તિ મૂલમનૌષધમ્ ।**
**અયોગ્ય પુરૂષો નાસ્તિ, યોજકસ્તત્ર દુર્લભઃ ॥**

'એવો એક પણ વર્ણ-અક્ષર નથી જેનામાં 'મંત્ર' બનવાની તાકાત ન હોય, અર્થાત કક્કાના બધા જ અક્ષરમાં દિવ્ય મંત્ર બની શકવાની શક્તિ છૂપાયેલી છે, વનસ્પતિઓમાં એવું કોઇ મૂળિયું (ડાળી-ડાળખાં-પાંદડાં) નથી જેમાં કોઇને કોઇ ઔષધ-દવા બનવાની ક્ષમતા ન હોય, અને એવો કોઇ પુરૂષ વ્યક્તિ નથી જે યોગ્ય-લાયક-વીર-ઉપયોગી - કે મહાન ન થઇ શકે અર્થાત બધી જ વ્યક્તિઓમાં કૌશલ્ય-બુદ્ધિ-બળ-ગુપ્ત રીતે પડેલાં જ હોય છે, પરંતુ એનો પારખું-નિષ્ણાત-સંકલન કરી રાખનાર આ સંસારમાં દુર્લભ છે.'

વ્યક્તિ પારખું, નિષ્ણાત કે અભ્યાસુ હોય તો કોઇ પણ કાચી (રો-RAW) બાબતનો પણ સદુપયોગ કરી શકે 'વેસ્ટમાંથી બેસ્ટ' બને જ છે. વનમાં અનેક પ્રકારની વનસ્પતિ છે ઇશ્વરે કંઇ પણ કોઇ પણ વસ્તુ નકામી નથી બનાવી. મૂળ-પાંદડાં ઝેરી હોય તો પણ તેનો ઉપયોગ આવડે તો કિંમતી ઔષધ બની શકે.

દરેક અક્ષરમાં મંત્ર બનવાની તાકાત છે પણ તેમાંથી મંત્ર-શ્લોક બનાવવાની આવડત જોઇએ.

**દરેક વ્યક્તિમાં કંઇ ને કંઇ આવડત છે પણ તેને બહાર કાઢનાર પારખું જોઇએ.**

આ સંસારમાં આવા વિદ્વાન-પારખુ-નિષ્ણાતોની કમી છે તેથી આપણું બુદ્ધિધન વેડફાય છે.

## સુવિચાર

- કીર્તિ માટે કરેલું દાન, દાન નથી પરંતુ અહંકાર અને આડંબર માત્ર છે - **હફન**
- મૃત્યુ વખતે કે મૃત્યુ પાછળ દાનનો કોઇ અર્થ નથી, જીવન પર્યંત, સ્વહસ્તે કરેલું દાન જ ઉત્તમ છે - **હઝરત મહંમદ**
- દાનનું દરેક પગથિયું એ સ્વર્ગ પ્રત્યે પ્રયાણની સીડીનું જ પગથિયું છે - **બીચર**
- ત્રણ સદ્ગુણ-આશા, વિશ્વાસ, દાનમાં સૌથી શ્રેષ્ઠ છે - **બાઇબલ**
- જેની તિજોરી દાનથી ખાલી થાય તેનું હૃદય વધારે સમૃધ્ધ થાય - **વિક્ટર હ્યુગો**
- દાન અસંખ્ય પાપોને પણ ઢાંકી દે છે - **પીટર**
- દાન જ ધર્મનું પૂર્ણત્વ તેમજ આભૂષણ છે - **એડીસન**

## બોધ કથા

**જે સંત હૃદયના સજ્જન હોય છે એ સ્વભાવે પણ સંતોષી અને પરોપકારી જ હોય છે,** નિઃસ્વાર્થ સેવા અને પરમાર્થ એમનાં મનમાં હોય છે, આવા વિશાળ હૃદયી ભક્તશ્રી દરબાર ઝીણાભાઇના જીવનની આ વાત છે.

દરબાર ઝીણાભાઇ ભગવાન સ્વામિનારાયણના પરમભક્ત. એકવાર ઝીણાભાઇના અતિઆગ્રહથી ભગવાન સ્વામીનારાયણ પાંચાળમાં સામૈયો કર્યો. એમાં ભાગ લેવા આસપાસનાં ગામના અનેક ભક્તો પણ આવ્યાં.

સૌ એ ધામધૂમથી ઉત્સવ મનાવ્યો. સ્વામીજી પણ ખૂબ ખુશ હતા. ગૂલાલે રમ્યા અને ઉજવણી કરી. આવા સુંદર ઉત્સવથી સ્વામીજી ખૂબ પ્રસન્ન થયા, અને ઝીણા ભગતને કહ્યું, અમારા અંતરાત્મા આ ઉત્સવથી ખૂબ પ્રસન્ન થયો છે ઝીણાભાઇ - તમે જે કંઇ ઇચ્છા હોય તે કહો, અમે ભગવાનને કહેશું અને તમને પ્રસન્નતા પ્રાપ્ત થશે.

ઝીણાભાઇ તો સંત હૃદય તરત બોલ્યા, સ્વામી તમારી જ કૃપાથી મારે ત્યાં કોઠી એ જાર ખૂટતી નથી, ખાધે પીધે સુખી છીએ, મારે માટે બીજું તો હું શું માગું? પણ હું ગામનો દરબાર છું, જાગીરદાર અને આગેવાનને અહીં ગામધણી કહે છે - તો, મારી પ્રજામાં કોઇ મૃત્યુ થાય ત્યારે યમના દૂત લેવા ન આવે પણ પ્રભુનાં પાર્ષદ આવે, એટલું માગું છું સ્વામી.

# ઊંઘમાંથી જાગી તો ફરીથી કાનાનાં સપનાનો વિચાર આવતાં ચહેરા પર મુશ્કરાહટ છવાઈ ગઈ, ફજરની નમાજમાં મોડું થશે એમ લાગતાં એ ઝટ બેઠી થઈ ગઈ

## નવાં ક્લેવર

\- નટવર હેડાઉ

'ખન્ન...' અવાજ સંભળાતાં જ એકદમ આંખ ખુલી ગઈ. એલાર્મમાં વિખરાતાં મોતીનો ધ્વનિ તેને બહુ જ ગમે છે. બે સેકન્ડ માટે આંખો મીંચી તે રાતનાં સપનાં અંગે વિચારવા લાગી. આજે ફરી એ જ 'કાના' નું સપનું આવ્યું. છેલ્લા કેટલાય દિવસોથી એ 'કાના' ને તેના અલગ અલગ રૂપોમાં જોતી હતી. કયારેક નાનકડા માખણચોર રૂપે તો કયારેક ગોપીઓથી ઘેરાઈને મસ્તી કરતા અનુપમ રૂપે તે દેખાતો હતો. પણ અમ્મીને આ વાત કરૂં તો ઉપદેશ આપવા જ બેસી જશે એમ એ વિચારતી અને ચુપ થઈ જતી હતી. 'ના બેટા એ શિર્ક છે. કૂફ છે. આ આયાત પઢ... પેલા કલમા પઢ' નમાજનો સમય નીકળી ન જાય તેની ચિંતામાં તેણે ફટાફટ ઉઠી ને વજુ કર્યું અને નમાજ પઢવા બેસી ગઈ. નમાજ પુરી થતાં જ અમ્મીએ બનાવેલી ચ્હાની સુગંધથી એ કીચન તરફ ખેંચાઈ આવી. 'લે આ બિસ્કીટની પ્લેટ જરા ઉપાડ' કહેતાં અમ્મી ચ્હાની ટ્રે લઈ બેઠક રૂમમાં આવી ગઈ. અબ્બા પહેલેથી અખબાર લઈને બેઠા હતા. બધાં પોતપોતાના કપ ઉઠાવી ચુસકીઓ ભરવા લાગ્યા. અબ્બાએ કહ્યું, 'જુઓ ફરી રૂપાલના મેળામાં ધક્કામુક્કી થઈ છે.'

આટલાં બધાં માણસો ભેગાં શું કામ થતાં હશે? મમ્મીનો એ પ્રશ્ન સાંભળી એ એકદમ બોલી પડી. 'અમ્મી એ એમની શ્રધ્ધા છે. ઉર્સમાં પણ એટલી જ ભીડ થતી હોય છે ને!' અબ્બુ ચશ્માંમાંથી ઊંચે જોઈ બોલ્યા. 'તારો અભ્યાસ કેવો ચાલે છે. આ વખતે ફાઈનલ ઈયર છે ખબર છે ને?' જો સારા ટકા ન આવ્યા તો બી.એ. કરવાનો કોઈ મતલબ નહીં રહે. કેમ કે, કોમ્પીટીશન ખુબ જ છે. હવે તો કેરિયર માટે પોતે કંઈક છે તે સાબિત કરવું પડશે, બેટા સમજીને!' તેણે પુરા આત્મવિશ્વાસથી કહ્યું 'અબ્બા ફર્સ્ટ કલાસ તો નક્કી જ છે. ડીસ્ટીંકશનની કોશિષ કરૂં છું.'

'શાબાસ' કહેતાં અબ્બા ફરી અખબારમાં ખોવાઈ ગયા. અમ્મી કંઈ કહે તે પહેલાં તે વાસણો ઉપાડીને કીચનમાં જતી રહી. અમ્મીને અભ્યાસ કરતાં તેના લગ્નની ચિંતા વધુ હતી. તેનો આગળ વધતો અભ્યાસ અમ્મીના કપાળની રેખાઓ વધારતો હતો. 'મુકાબલે કા દુલ્હા, અચ્છા ઘર' વિગેરે વિગેરે... પણ ખુદાનો શુક્ર છે કે અબ્બુ તેને કોઈ ચોક્કસ મુકામ પર જોવા માંગે છે. તેઓ ખુદ પણ મદરેસા બોર્ડના ખજાનચી હોવાના નાતે શિક્ષણનું મહત્ત્વ સમજે છે. નાનો ભાઈ તેના લાડ કોડને કારણે હજુ ઉંમરમાં નાનો જ હતો.

કૉલેજ જતાં તેણે પોતાની સ્કૂટીને લઈને રસ્તાની બાજુમાં પડેલી કચરાપેટી પાસેથી પસાર થતાં તેની નજર એક નાનકડા છોકરા પર પડી. તે કચરો વીણવામાં મશગુલ હતો. પોતાને કામ લાગે તેવી થેલીઓ ઊંચકી ઝટકતો અને મોટા થેલામાં ભરતો... તેને જોઈને કોણ જાણે કેમ પણ તેણે સ્કૂટીને બ્રેક મારી ઉભી રહી ગઈ અને પછી ઈશારો કરી તેને પોતાની પાસે બોલાવ્યો. પહેલાં તેને જરા સંકોચ અનુભવ્યો પણ પછી તેને હસી જોઈ એ પાસે આવ્યો. તેણે પોતાની બેગમાંથી ટીફીન કાઢ્યું અને તેમાંથી બે આલુ પરોઠા કાઢી તેને આપ્યાં. તે રાજી થતો નજીકમાં જ બેઠેલી નાની બહેન પાસે દોડ્યો. અને બંને ભાગ પાડી ખાવા લાગ્યાં. તે છોકરાનો હસતો ચહેરો તેને રાતે જોયેલો 'કાના' ના ચહેરા સાથે ખુબ જ મળતો આવતો હોય તેવું લાગ્યું. તેનું હૃદય એકદમ ધબકવા લાગ્યું. તેણે હેલ્મેટ પહેરેલી હતી એમ જ સ્કૂટી ને સ્ટાર્ટ કરી પાછા વળીને જોયું. આબેહુમ એ સપના જોયેલો 'કાનો' જ છે અને તે આગળ વધી ગઈ.

કૉલેજ પહોંચીને તેણે આ વાત સુષ્માને કરી તો પહેલાં તો એ ખુબ જ હસી. પછી તેને છંછેડતા બોલી. 'શું વાત છે મારી રાધા? લાગે છે કે કોઈ કાનો' ગમી ગયો છે. આમ પણ કાનો તો પ્રેમનું બીજું રૂપ છે. એટલે એમ લાગે છે કે બહેન પ્રેમમાં પડવાનાં છે.

તેને જરા ખીજાઈ જતાં કહ્યું, 'સુષ્મા તારા માંતો બુધ્ધિ જ નથી. કાનો જો પ્રેમનું બીજું નામ છે. તો પ્રેમની વિશાળતા, ગહનતા, નિશ્ચલતાને પણ જો. તેનો પ્રેમ ફક્ત 'ગોપી' પ્રેમ નથી. તે તો કણ કણમાં વ્યાપતાનું પ્રતિક છે. સર્વ વ્યાપકતા...' વચમાં જ રોકતાં એ બોલી પડી. 'બસ... બસ... તારૂં એ લેકચર... પછી સાંભળીશ. હમણાં તો પુરાના મેમનો પીરીયડ છે. ચાલ જલ્દીએ આવી ગયાં હશે.'

કૉલેજથી ઘેર જવા માટે જયાં તેણે સ્કુટી સ્ટાર્ટ કરી તો સુષ્મા એકદમ તેના પર બેસતાં બોલી. 'આજ ભાઈની બાઈક બગડી છે. તેથી એ મારૂં સ્કૂટર લઈ ગયો છે. ચાલ આજે તારે જ મને મુકવા આવવું પડશે.' તેણે કંઈ પણ બોલ્યા વિના તેને બેસાડી લીધી. થોડે દૂર જતાં તેણે એકદમ બુમ પાડી. 'અરે, ઊભી રે... ઊભી રે...' તેણે બંને હાથે બ્રેક લગાવી... અને પૂછ્યું 'શુ થયું?' સુષ્માએ નીચે ઉતરતાં કહ્યું.

'આજે મંગળવાર છે. બાલાજીના મંદિરે ગયા વિના ચાલે ખરૂં?' અને સુષ્મા મંદિર તરફ ચાલવા લાગી. તેને પણ સ્કુટી પાર્ક કરીને અંદર જવું પડ્યું. તેણે જોયું તો સુષ્મા માથે ઓઢણીનો છેડો રાખી બંને હાથ જોડી પોતાની ફરમાઈશોની ઝડી બનાવવામાં મશગુલ હતી. તેણે બાલાજીને 'સલામ' કર્યા. અને એક પીરની જેમ માથે હાથ ફેરવવાની દુઆ સાથે બહાર આવી ગઈ. તેના માટે મંદિરમાં જવું એ કોઈ પુજા ન હતી. તેને મુર્તિ પૂજામાં વિશ્વાસ પણ ન હતો. પણ તેની બહેનપણીને ઓછું ન આવે તે માટે જવું જરૂરી હતું. ઘેર પહોંચી ડૉરબેલ વગાડતાં પહેલાં તેણે પોતાના કપાળે લગાડેલ તિલક ભુંસી નાંખ્યું. અમ્મી નો પણ વિચાર તેણે કરવો પડતો હતો.

બીજે દિવસે સવારે ઊંઘમાંથી જાગી તો ફરીથી કાના ના સપનાનો વિચાર આવતાં ચહેરા પર મુશ્કરાહટ છવાઈ ગઈ. ફજરની નમાજમાં મોડું થશે એમ લાગતાં એ ઝટ બેઠી થઈ ગઈ. બે દિવસ પછી તેની પરીક્ષા શરૂ થવાની હતી. અને આજે તે માટે તેને પ્રવેશપત્ર (હોલ ટીકીટ) લેવા જવાનું હતું. જલ્દી જલ્દી નાસ્તો પતાવી જેવીએ ઘેરથી બહાર જવા નીકળી ત્યાં અમ્મીએ તેને પાંચસોની નોટ પકડાવતાં કહ્યું, 'જો આ (વિશેષદાન) સદકાની રકમ છે. રસ્તામાં કોઈ ગરીબ મુસલમાનને આપી દેજે.' તેણે માથું હલાવી નોટ પર્સમાં મુકી સ્કુટી સ્ટાર્ટ કરી ચાલી નીકળી. થોડે દૂર જતાં ફરી પેલો બાળક તેને દેખાયો અને તેને જોતાં જ નિર્દોષ હાસ્ય રેલાવતો ઊભો રહી ગયો. તેણે સ્કુટી રોકી, તે દોડતો તેની પાસે આવ્યો, કદાચ તેને એવી આશા હશે કે આજે પણ તેના ટીફીનમાંથી એ કંઈક આપશે. 'તારૂં નામ શું છે?' ઉતારતાં તેણે પૂછ્યું.

'કાનો' તેણે શરમાતાં કહ્યું. નામ સાંભળતાં જ હેલ્મેટ એમને એમ તેના હાથમાં રહી ગયું. પ્રેમથી તેના ગાલ પર હાથ ફેરવતાં તેણે પૂછ્યું. 'સ્કૂલે જાય છે?' 'હા' હકારનાં તેનું માથું હલાવતાં 'કયારે?' એમ તેણે પૂછ્યું. તેણે ફરી શરમાતા શરમાતાં કહ્યું. 'કયારેક કયારેક' પર્સમાંથી પાંચસોની નોટ કાઢતાં તેણે કહ્યું. 'રોજ જજે અને આ પૈસા તારી માં ને આપજે' તેણે સંકોચ સાથે પૈસા લીધા, પછી રાજી થતાં 'થેંકુ' બોલી અને દોડી ગયો. તે પણ હસતી હસતી હેલ્મેટ પહેલી ચાલી નીકળી.

**તેને મુર્તિ પૂજામાં વિશ્વાસ પણ ન હતો, પણ તેની બહેનપણીને ઓછું ન આવે તે માટે જવું જરૂરી હતું, ઘેર પહોંચી ડૉરબેલ વગાડતાં પહેલાં તેણે પોતાના કપાળે લગાડેલ તિલક ભુંસી નાંખ્યું, અમ્મી નો પણ વિચાર તેણે કરવો પડતો હતો**

આજુ જુમ્મે રાત છે, અને કાલે તેનું પહેલું પેપર છે. તે ખ્વાજાની દરગાહે સવાર સવારમાં ન્હાઈ ધોઈને જવા લાગી તો તેણે જોયું કે અમ્મી પણ જવા માટે તૈયાર છે અને જયાં તેઓ જવા માટે ઘરની બહાર નીકળ્યા ત્યાં પાછળથી અબ્બાનો અવાજ સંભળાયો. 'અરે! ઉર્સ ચાલે છે ત્યારે તમે કયાં જાય છો. પછી જજો' પણ તે બંને સાંભળ્યું કહી નીકળી પડી.

દરગાહમાં ચારે બાજુ ભીડનો આલમ હતો. તે અને તેની અમ્મી જેમ તેમ કરી દરગાહની અંદર તો પહોંચી ગયા. પણ અસ્તામે શરીફ બહાર એટલી ભીડ હતી કે એ લોકો ત્રણ ચક્કર તેની બહાર જ લગાવી ચૂક્યાં પણ જયાં અસ્તાને શરીફનો ગેટ આવે ત્યાં ભીડનો એવો ધક્કો આવતો કે઼ઓ લોકો આગળ નીકળી જતાં. તેણે અમ્મીનો હાથ બરાબર પકડ્યો હતો. પણ આ વખતે જેવો અસ્તાના નો ગેટ આવ્યો ત્યાં અમ્મીએ પુરી તાકાત લગાવી દીધી. અને પોતે અંદર ઘુસી ગઈ. અમ્મીનો હાથ છૂટી ગયો. તે પણ પુરી તાકાત લગાવી તેની પાછળ ઘુસી ગઈ. અમ્મીનો લીલો દુપટ્ટો તેની નજર સમક્ષ હતો. અંદર પહોંચી કલમાનું રટણ કરતાં અમ્મીનો લીલો દુપટ્ટો જોતાં સલામ કરતાં જતાં ભીડના ધક્કામાં કયારે બહાર આવી ગઈ તેની ખબર જ ન પડી. બહાર નીકળતાં જ અમ્મીનો લીલો દુપટ્ટો કયાંક નજરે ચડતો ન હતો. તે ગભરાઈ. અમ્મીને સફોકેશન ન થઈ જાય. તે બેભાન ન થઈ જાય એની ચિંતામાં તે જલ્દી જલ્દી આગળ વધવા લાગી. તેણે જોયું કે અમ્મીનો પગ લથડ્યો છે. અને તે નીચે પડશે. ત્યાં બે નાનકડા હાથોએ આછડમાંથી આવી તેને પકડી એક તરફ ખેંચી લીધી. ત્યાં એ દોડતી અમ્મીની પાસે પહોંચી. 'અમ્મી તને કંઈ થયું તો નથી ને?' હાંફતાં હાંફતાં 'હં...હં...' બોલતાં તેણે ડોકું ધુણાવ્યું. તેની નજર જયારે પેલા બાળક પર ગઈ, જેણે તેની અમ્મીને સાચવીને બહાર કાઢી હતી. ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે 'કાનો' હતો. 'દીદી આ તમારી મમ્મી છે?' તેનો સવાલ સાંભળીને તેણે ધીરેથી પૂછ્યું. તેણે જવાબ દેતાં કહ્યું! કાના તું અહીંયા? તેનો પ્રશ્ન સાંભળી એ ધીરેથી બોલ્યો.' આજે ઈદ છે તેથી...'

તેની આંખોમાં જળજળીયાં આવી ગયાં. તેના સપનાંનો કાનો તેની સામે હતો. પ્રેમનું સાક્ષાત સ્વરૂપ, ના અલ્લાહ, ના ભગવાન, બસ પ્રેમ જ પ્રેમ.

- vanvihari@gmail.com


# સરદાર વાણી : હું કાયરતાનો કટ્ટર શત્રુ છું, કાયર માણસોનો હું સાથ કરવા કદી તૈયાર ન થાઉં

**● સરદારનું સર્વપ્રથમ જાહેરકાર્ય**

૫ જાન્યુઆરીથી ૨૬ માર્ચ ૧૯૧૭ સુધીનો સરદારનો જાહેરજીવનનો તબક્કો ખૂબ જ મહત્ત્વનો હતો. અમદાવાદ મ્યુનિસિપાલિટી ઉપર વર્ષોથી પકડ જમાવી બેઠેલાઓની કાર્યવાહીનું શરૂઆતમાં તેઓ ચૂપચાપ નિરીક્ષણ કરે છે, અને જુએ છે કે કેટલાક સભ્યો પોતાના અન્ય સાથી એવા સરકાર નિયુક્ત સભ્યોનાં ટેકાથી અમદાવાદ મ્યુનિસિપાલિટીને ધારે તેમ ચલાવી શકે છે. ચૂંટાયા પછીની તેમની આ પાંચમી બેઠક હતી.

૬ ફેબ્રુઆરી સોમવાર ૧૯૧૭ ના રોજ ૫ : ૩૦ કલાકે રિપન હૉલમાં મળેલી સ્પેશિયલ જનરલ મિટીંગ નોન કોરમ થતાં ૬ : ૦૦ વાગે મળે છે. પણ ફરીથી અગાઉની જેમ થતાં ૬ : ૧૫ કલાકે મળે છે. જેમાં કામકાજ નંબર ૫૮ થી એવો ઠરાવ કરવામાં આવે છે કે સ્કૂલ કમિટીના તા. ૩૦/૧૧/૧૯૧૬ ના ઠરાવ મુસ્લિમ સ્કૂલ માટે સ્નાતકને જ સુપરવાઈઝર નીમી શકાય પણ ખાસ સંજોગોને કારણે સરકારે લાયક બિનસ્નાતકની નિમણૂકને બહાલી આપવી.

એ સમયના એક કાઉન્સેલર ખાનસાહેબ જાનમોહંમદ હુસેનભાઈએ ગિરધરલાલ ઉત્તમરામના ટેકાથી દરખાસ્ત રજૂ કરતાં જણાવ્યું કે બે વખત સુપરવાઈઝર નિમવા માટે જાહેર ખબર આપવામાં આવી હતી પણ કોઈ ગ્રેજ્યુએટ અનુભવી મળ્યો નથી. વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડે તે માટે શિક્ષણ કામનો અનુભવ ધરાવતા ઈનાયત હુસેન સૈદયને નિમવાની સ્કૂલ કમિટીએ ભલામણ કરી છે. ઈનાયત હુસેન ભલે સ્નાતક નથી પણ તેઓ ઉત્તર હિંદુસ્તાનમાં ૬ વર્ષથી ઉર્દૂ શિખવે છે અને અહીંના સ્થાનિક રહીશ હોવાથી



તેમની નિમણૂક કરાવાની અમે ભલામણ કરીએ છીએ, જેને આપ સહુ ટેકો આપશો.

**● સરદારનો ઘટસ્ફોટ**

આ દરખાસ્ત ઉપર હજુ તો ચર્ચા શરૂ થાય તે પહેલાં સરદાર પોતાની આગવી લાક્ષણિક મુદ્રામાં ઊભા થયા. જૂના ખેલાડી કાઉન્સેલરો સમજ્યા કે તેઓ બહાર જઈ રહ્યા છે. પરંતુ સરદારે આ દરખાસ્ત સામે વાંધો લેતાં જણાવ્યું કે તેઓ અબ્દુલકાદર વલીઉલ્લાહના ટેકાથી આ દરખાસ્ત પર સુધારો મુકવા માંગે છે. અમેન્ડમન્ટની વાત સાંભળતાં જ બોર્ડમાં જાણે સન્નાટો વ્યાપી ગયો.

સરદારે તરત જ ઘટસ્ફોટ કર્યો

## સરદાર પટેલ એક સિંહપુરૂષ

\- ડો. રિઝવાન કાદરી

'કોણ કહે છે કે મુસ્લિમોમાં સ્નાતક ઉમેદવાર મળતો નથી? માની લો કે ન મળતો હોય તો પણ બહુમતીના જોરે નીતિ નિયમોને નેવે મુકીને લાયકાત વગરનાંને કેવી રીતે નિમણૂક આપી શકાય?'

આ સાંભળીને કેટલાક સભ્યો બોલ્યા કે ઉમેદવાર મળતા નથી એટલે જ તો નોન ગ્રેજ્યુએટને શિક્ષણકાર્ય ન બગડે તે માટે નિમવાની દરખાસ્ત લાવવી પડે છે.

**● આ રહ્યો લાયકાતવાળો ઉમેદવાર**

તરત જ સરદારે પોતાના સુધાર પ્રસ્તાવને અનુમોદન મળી રહે તે માટે આગળ કહ્યું :

**માનનીય સભ્યશ્રીઓ જો આપની પાસે સ્નાતક મુસ્લિમ ઉમેદવાર ન હોય તો એનો અર્થ એ નથી કે અમારા ધ્યાન પર પણ નહિં હોય! અરે મારા ધ્યાનમાં તો આ જગ્યા માટે ઉત્સુક એવા શેખમોહંમદ જી. મનસુરી છે. તેઓ સારા ગુણ સાથે બી.એ. પણ થયેલા છે અને અહીનાં જ રહીશ છે. તેઓને એક જ વર્ષ માટે અજમાઈશ ધોરણે રાખીને તેમનું આગળ કાર્ય જોયા પછી કમિટીને યોગ્ય લાગે તો જ કાયમી કરશો.**


સરદારના વ્યતવ્યમાં સૂર પુરાવાતા હરીલાલ દેસાઈભાઈએ પણ લાયકાત ધરાવનારને જ નિમવા જોઈએ તેમ જણાવ્યું હતું અને પોતાની વાતનાં સમર્થનમાં લાંબુ વ્યતવ્ય આપ્યું હતું.

અંતે મતદાન થતાં સરદારની સુધારા દરખાસ્ત મોટી બહુમતીથી પસાર થઈ. આમ સરદારનું જાહેર જીવનનું સર્વપ્રથમ કાર્ય મુસ્લિમ શિક્ષણના હિત સાથે શરૂ થયું હતું.

## આજના દિવસનો મહિમા

\- ભાનુપ્રસાદ એસ. દવે

**૩૧મી ઓક્ટોબર**



● લોખંડી પુરૂષ, ભારતના ઘડવૈયા, દેશી રાજયોના વિલીનીકરણમાં અગ્રેસર, લોકલાડીલા નેતા અને સ્વાતંત્ર્યના વિરલ સત્યાગ્રહી સરદાર વલ્લભભાઇ પટેલનો કરમસદ ખેડા ખાતે જન્મ ૩૧-૧૦-૧૮૭૫.

● ઇશ્વર જ પાપથી ક્ષમા આપે - પોપ નહીં, એવું દેવાલયના દરવાજા પર લખનારા - માર્ટિન લ્યુથર કિંગે ધર્મક્રાંતિ શરૂ કરી - ૧૫૧૭.

● ૧૮૧૫ - હંમ્ફ્રી ડેવીએ આણિયાઓ માટે અભય દીવો શોધ્યો.

● ૧૮૫૦ - મુંબઇ-થાણા વચ્ચે ચાલનારી - પ્રથમ રેલ્વેનું ખાર્તમુહૂર્ત મુંબઇ વડી અદાલતના વડા ન્યાયધીશે કર્યું.



● ૧૯૮૪ - ભારતના પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યા થઇ.

● ૧૯૨૮ - સાયમન કમિશનનો બહિષ્કાર થયો.

# હવે આધુનિક જમાનો છે, પહેલાં જેવી પરિસ્થિતિ નથી, દીકરીને ભણાવી - ગણાવી બધાં ક્ષેત્રોમાં કુશળ - પારંગત બનાવી પગભર થયા પછી જ પરણાવવાનો રિવાજ છે

'સંબંધ'માં કોઇનું સૌથી હુલામણું સ્થાન હોય તો તે ફોઇનું છે. મોટા ભાગનાં કુટુંબમાં ફોઇને બહુ મહત્ત્વની અને સૌને પ્રિય વ્યક્તિ તરીકે સ્થાન મળે છે. કેમ કે, મા-બાપને અને ભાઇ-ભાભીને ઘરની દીકરી ઉપર અનહદ પ્રેમ હોય છે. એટલે આમ બનવું અત્યંત સ્વાભાવિક છે. એટલે 'ફોઇ' નાની હોય કે પરણીને સાસરે રહેતી હોય, સૌ કોઇ એને પ્રેમ કરે, અને એમાંયે ભત્રીજાંઓ તો ખાસ! કેમ કે, ફોઇને પણ પોતાનો પ્રેમ ઢોળવાનું અત્યંત પ્રિય પાત્ર છે નાનાં - નાનાં ભત્રીજાંઓ.

તેમ છતાં, ક્યારેક એવું પણ બને છે કે કુટુંબમાં સૌથી વધુ અપમાનિત થતી હોય તો તે 'ફોઇ' જ છે.

જૂના જમાનામાં, આપણી કૌટુંબિક અને સામાજિક વ્યવસ્થાના ભાગ રૂપે નાની વયે લગ્ન કરી દેવાતાં હોવાથી દીકરીને આઠ-નવ વર્ષની વયે પરણાવી દેવાતી, એટલે કે ઊકરડો કે પારખું ધન સમજી 'કન્યાદાન' નું પુણ્ય લેવા જે વહેલો મળે તે મૂરતિયો શોધી સાસરે વિદાય કરી દેવાતી, અને મૂરતિયો મોટે ભાગે મોટી ઉંમરનો હોવાથી તે દીકરી સમજણી થાય અને સંસારને સમજે તે પહેલાં તો 'વિધવા' બની જાય. અને એને તો પાછો વિધવાનો અર્થ પર પૂરો સમજાતો ન હોવાથી મૂંઝાયેલી અને તરછોડાયેલી બની કાયમ માટે પિયરમાં રહેવાનું નિશ્ચિત બની જાય.

એટલે એના ભાગ્યમાં બાકી રહે આખા ઘરનો ઢસરડો, ભાઇ-ભાભીનાં મહેણાં ટોણાં અને મા-બાપના નિસાસા!

હવે આધુનિક જમાનો છે, પહેલાં જેવી પરિસ્થિતિ નથી, દીકરીને ભણાવી - ગણાવી બધાં ક્ષેત્રોમાં કુશળ - પારંગત બનાવી પગભર થયા પછી જ પરણાવવાનો રિવાજ છે. ત્યારે દીકરી કુટુંબમાં મોટી હોય અને કાબેલ અને કમાતી હોય તો, પહેલાં તો એને લાયક મૂરતિયો શોધ્યો જડતો નથી અને થોડુંક જતું કરીને પણ કમાતી દીકરી કોઇને પસંદ કરે તો મા-બાપ આ વાત તરફ આંખ આડા કાન કરીને તરત હા પાડતાં વિચાર કરે છે. કેમ કે, સોનાનાં ઇંડા આપતી મરઘીને તેઓ કેમે કરીને ગુમાવવા તૈયાર નથી.

સામે પક્ષે દીકરી પણ પોતાનાથી નાનાં ભાઇ-બહેન ને ભણતાં - કમાતાં કરવા સુધી રાહ જોવા તૈયાર થઇ જાય અને ત્યાગ - બલિદાન - સમર્પણ - પ્રેમ - લોહીના સંબંધો જેવા લલચામણાં શબ્દોનાં બહાના હેઠળ દીકરીનું બ્લેક મેઇલીંગ કે બ્રેઇનવોશ કરવામાં આવે છે. જેની મા-બાપને તો ખબર હોય છે પણ દીકરી કે જે અત્યાર સુધીમાં ફોઇ બની ગઇ છે. તેને ઘણી મોડી આ વાતની ખબર પડે છે અને ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે.

## પારિજાત

\- રેખા ભટ્ટ

જમાનો જૂનો હોય કે નવો, વિચારસરણી જરી-પુરાણી હોય કે આધુનિક "દીકરી" પ્રત્યેનું વલણ મોટા ભાગે આવું જ હોય છે. સગપણ અને પ્રેમના બહાના હેઠળ બને એટલો લાભ લઇ લેવો. દીકરીનાં પોતાનાં સપનાંને રગદોળીને એવા ઉપર બાકીનાં ભાઇ-બહેનોએ પોતાના સંસાર ઊભો કરી દેવો.

આવું જ બને છે અને એ આપણે સૌએ જોયું / સાંભળ્યું / અનુભવ્યું છે. ફોઇ એટલે સૌને વ્હાલ કરે છે પણ એને વ્હાલ કરનારૂં કોઇ નથી. જૂના જમાનામાં બોડકા માથા પર જૂનો - મેલો - ઘેલો વાદળી સાડલો પહેર ઢસરકો કરનાર કોઇ સમય જતાં આધુનિક બની પર્સ લટકાવી

## દીકરી તો પારકી થાપણ કહેવાય

ઓફિસ જતી હોવા છતાં - 'સ્ટેટસ' બંનેનું સરખું છે. સહેજપણ બદલાયું નથી - ઘરમાં રહેતી હોવા છતાં એ કાયમ માટે 'બહારની વ્યક્તિ' જ બની રહે છે. એની 'એકલતાનું' કોઇ સાથી નથી. ફોઇ સૌની છે પણ ફોઇનું કોઇ નથી.

આવા જ મતલબની એક વાર્તા વાંચવામાં આવી. ભૂમિપુત્રમાં પ્રગટ થયેલી મરાઠી લેખકની વાર્તા છે - જેમાં, આખું અઠવાડિયું કામ કરીને, રોહિણી રવિવાર હોવાથી મોડી ઉઠી અને શાંતિથી આસપાસનું વાતાવરણ માણતી હતી ત્યાં મા અને ભાભીને કામકાજ અંગે બબડાટ કરતાં સાંભળ્યાં. કેમ કે, ભાઇ-ભાભીને રવિવાર હોવાથી પિકનિકમાં જવાની તૈયારી કરવાની હતી. રોહિણીની ઘર કામમાં જરૂર હતી પણ સાથે લઇ જવું અને એમને જરૂરી લાગતું નથી. અને આ એ જ રોહિણી છે જેણે નાનાંભાઇ - બહેન ઠરીઠામ થાય તે માટે પ્રેમ કરતી હતી તેને છોડીને લગ્ન નહીં કરવાનું નક્કી કર્યું હતું. અને હવે ભાઇ-ભાભીના બાળકો મોટાં થતાં હોવાથી ઘર સાંકડું પડતું હતું. એટલે મા એ નક્કી કર્યું રોહિણી બેંકમાંથી લોન લેશે. કેમ કે, એના પગારનું એ શું કરશે?

આપણી વાર્તાની રોહિણી એ લોન લીધી કરી, ફ્લેટ પણ લીધો. પણ ચિઠ્ઠી લખી ઘરમાંથી નીકળી પડી કે,

મા,

ઘર નાનું પડે છે એ વાત મને પણ બરાબર ન લાગી એટલે મારો રૂમ ભત્રીજાને ભેટ આપતી જાઉં છું. મેં એક બેડરૂમ કીચનનો ફ્લેટ વેચાતો લીધો છે. નવા ઘરમાં ગોઠવાઇ જઇશ એટલે તમને બધાંને જમવા બોલાવીશ.

**- રોહિણી**

અને રોહિણી રીક્ષા પકડી નવા ફ્લેટ તરફ જવા માંડી ત્યારે એને થયું એ નવજીવનની વાટે જઇ રહી છે.

'અસ્તુ'